सत्यमेव जयते

કેસ રજુ તારીખ:: ૨૨–૦૬–૨૦૨૩
કેસ દાખલ તારીખ: ૨૨–૦૬–૨૦૨૩
કેસ ફેસલ તારીખ: ૦૨–૦૭–૨૦૨૬

---

અવધિ:૦૩વર્ષ :૦૦ માસ:૧૦ દિવસ

---

**વાલીયાના મહેરબાન પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ,મુ. વાલીયા, જી.ભરૂચ.**

---

**<u>રેગ્યુલર મુકદમા કેસ નંબર–૧૪/૨૦૨૩</u>**
**આંક– ૪૪**

વાદી:– ૧. દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ,
સબ ડીવીઝન ઓફીસ વાલીયા,
તા.વાલીયા,જી.ભરૂચ.

**વિરુધ્ધ**

પ્રતિવાદી:– ૧. ડાહ્યાભાઈ અર્જુનભાઈ પટેલ.
રહે.–પટેલ ફળીયું,
મું.ગાંધુ,તા.વાલીયા,જી.ભરૂચ.

---

**વાદી તર્ફે વિ.વ.શ્રી.વી.આર.નરોલીઆ.**
**પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી. ડી.પી.ખેર**

---

દાવો:– **<u>રૂા.૪૧,૧૦૬.૫૦/– પૈસાનાં આંકની રકમ વસુલ મેળવવા માટેનો.</u>**

..............................................................................................

**– : ઠરાવ : –**

(૧)...વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. કાયદા મુજબની સ્થાપિત થયેલ એક વીજ કંપની છે અને વાદીની વીજ કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ નાના વરાછા રોડ, કાપોદ્રા,સુરત મુકામે આવેલ છે અને વાદી વીજ કંપનીનુ કાર્યક્ષેત્ર દક્ષિણ ગુજરાતમાં વીજ પ્રવાહનુ વિતરણ કરવાનુ છે અને તે માટે વાદીની અલગ અલગ જગ્યાએ અલગ અલગ ઓફીસો આવેલ છે અને તે પૈકીને એક સબ ડિવિઝન ઓફીસ વાલીયા મુકામે આવેલ છે. વધુમા પ્રતિવાદી ઉપર જણાવેલ સરનામે રહે છે અને આ કામના પ્રતિવાદી નુ ગામ વાદી કંપનીના સબ ડીવીઝન વિસ્તારમા આવે છે અને તેથી પ્રતિવાદી તેમના ઘર વપરાશ માટે વીજ જોડાણ મેળવવા માટે અરજી આપેલી અને તે પ્રતિવાદીની અરજી મંજુર થયલી અને પ્રતિવાદીને માંગ્યા મુજબનુ ઘર વપરાશ નુ વીજ જોડાણ આપવામા આવેલ. જેથી પ્રતિવાદીએ વાદી કંપનીના ધારાધોરણ મુજબ ની તમામ કાયૅવાહી પુરી કરેલી જેથી વાદી કંપની એ પ્રતિવાદી ને જરૂરી વીજ જોડાણ આપેલુ અને પ્રતિવાદી જે વીજ વપરાશ કરે છે તેના બળતણની નોધ માટે પ્રતિવાદીને જરૂરી મીટર મુકી આપવામા આવેલ.જેનો ગ્રાહક નંબર ૦૩૭૧૯૦૦૬૩૧૦ આપવામા આવેલો.નએ તે મુજબ પ્રતિવાદી જે વીજ વપરાશ કરે તેના વાદી કંપની તરફથી જે બીલ આપવાનમા આવે તે નીચમીત રીતે ભરપાઈ કરવાની પ્રતિવાદીએ જવાબદારી સ્વીકારેલી છે.

(૧.૧) આમ ઉપરોકત મુજબ પ્રતિવાદી વીજ જોડાણ મેળવ્યા બાદ શરૂઆતના અરસામા વાદી કંપની ના વીજ વપરાશના બીલ ની રકમ નીચમીંત રીતે ભરપાઈ કરેલી પરંતુ ત્યારબાદ પ્રતિવાદી એ વીજ વપરાશના બીલ ની રકમ ભરપાઈ કરવાની સદંતર બંધ કરી દીધેલ. વેથી પ્રતિવાદી પાસે વાદી કંપનીની બીલ ની રકમ બાકી પડેલ છે. જે બાકી રકમ પેટે પ્રતિવાદી એ છેલ્લે તા ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ રૂ ૧૦૦૦/– ની રકમ ભરેલ છે જેથી કાયદા મુજબ ત્રણ વર્ષે ની સમય

મર્યાદામા બાકી પડતી રકમ માટે તેટલી રકમ પુરતો વાદી દવારા સદર દાવો કરેલ છે.તેથી આજ દીન સુધી પ્રતિવાદી પાસે વાદી કંપનીના વીજ વપરાશના બીલ ની રકમ તરીકે કુલ રકમ ૩૧,૩૨૩.૩૩/- લેવાના બાકી પડે છે. તે રકમ ડી.પી.સી. ચાર્જીસ રૂ ૯,૭૮૩.૧૭/- મળી કુલ રૂ ૪૧,૧૦૬.૫૦/- પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા માટે વાદી દવારા સદર દાવો કરવામા આવેલ છે.

(૨)...સદર દાવાનો આંક-૦૫ થી સમન્સની ધોરણોસર બજવણી થઈ ગયેલ અને પ્રતિવાદી કોર્ટ સમક્ષ હાજર રહેલ અને આંક-૦૮ થી જવાબ રજુ કરવામા આવેલ છે. તેમા પ્રતિવાદી જણાવે છે કે, વાદીની દાવા અરજીની પેરા નંબર-૧ બાબતે ખાસ તકરાર નથી. વાદીની પેરા નંબર-૨ અને ૩ ની હકીકતો બાબતે જણાવવાનુ છે કે, અમો પ્રતિવાદીએ વીજ કનેકશન મેળવવા માટે અરજી કરેલી અને વીજ કનેકશન આપવામા આવેલુ અને અમોએ વીજ કનેકશન મેળવવા માટે નાણા ભરેલા અને અમોને વીજ કનેકશન આપવામા આવેલ. ત્યારબાદ અમો પ્રતિવાદી ઉપર વીજ ચોરીનો કેસ થતા અમોએ વીજ ચોરીની દંડ ની રકમ ભરી દીધેલી અને ત્યારબાદ અમો પ્રતિવાદીને વાદી વીજ કંપની તરફથી નવુ વીજ જોડાણ આપવામા આવેલ. જેનો નવો ગ્રાહક નંબર ૦૩૧૯/૦૦૭૦૧/૪ થી વીજ કનેકશન આપવામા આવેલ છે.જે વીજ કનેકશનના અમો પ્રતિવાદી નીયમીત બીલ ના નાણા ઘરતા આવેલા છીએ. પંરતુ વીજ કંપનીએ મારા જુના ગ્રાહક નંબર-૦૩૭૧૯૦૦૬૩૧૦ જી જુની શીટ કાઢી જેમા ઈરાદાપુંર્વક વીજ કંપનીના કર્મચારીએ લેણાના સમય મર્યાદા હેઠળ લાવવાના ઈરાદે તા ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ રૂ ૧૦૦૦/- ભરેલાની હકીકત બતાવી તેમનુ લેણુ સમય મર્યાદા મા લાવેલા છે.અમારે પાસે કોઈ પણ લેણુ બાકી હોય તો વીજ કંપની અમોને નવુ વીજ કનેકશન આપે નહી. પરંતુ કર્મચારી ઓએ ભાગબટાઈના ઈરાદે અમો પ્રતિવાદી પાસે ખોટી રીતે નાણા કઢાવવા ખોટી બેલેન્સ સીટ તૈયાર કરી લેણુ સમયમર્યાદામા લાવવાના ઈરાદે ખોટો દાવો કરેલ છે. જેથી વાદીએ અમો પ્રતિવાદીએ જે રૂ ૧૦૦૦/- ની રસીદ કોપી તથા દીવસનો રોજમેળ તથા

નાણાકીય બેલેનસ સીટ રજુ કરવી જરૂરી છે. અને જો નહી કરે તો અમો પ્રતિવાદી વાદી વિરૂધ્ધ ફ્રોડ અને ફ્રેબ્રીકેટેડ ડોકયુમેન્ટ ઉભા કરવા બાબતની ફરીયાદ કરવા બાબતનાને હકક ઉભો રાખીને આ જવાબ રજુ કરેલ છે. અમોએ વાદીનો કોઈ લેણુ બાકી નથી. અને પ્રતિવાદી જયારે વીજ કર્મચારી ને તેમની ઓફીસમા અમોને સ'મન્સ બજતા અમારા ગામના નવીનભાઈ પટેલ સાથે ગયેલા તે સમયે અમોને જણાવેલ કે અમારુ વીજ કનેકશન નીયમીત છે,તે સમયે ત્યાં બેઠેલા કર્મચારીએ જણાવેલ કે, તમારા આગળના નાણા ભરાઈ ગયેલ છે આ તો તમારી ઉપર બીજો ચોરીનો કેસ થયેલ છે તેના નાણા બાકી છે. તેવી હકીકત જણાવેલી . અમો પ્રતિવાદી સામે બીજો કોઈ કેસ થયેલ નથી. પરંતુ વાદીના કચેંચારીઓએ તેઓાની ભુલ છુપાવવાના ઈરાદે અમો સામે હાલનો ખોટો દાવો દાખલ કરેલ હોય વાદીનો દાવો ખર્ચે સહીત રદ કરવા અરજ કરેલ છે.

**(૩)... આ કામે વાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.**

**-:: મૌખિક પુરાવો::-**

| સાહેદ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૨ | વાદી તરફે શૈલેષકુમાર કાંતિલાલ નાચટા ની સોગંદનામું |

**-:: દસ્તાવેજી પુરાવો::-**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | ડી.પી.સી કેલકયુલેશન |
| ૨ | ૧૭ | પ્રોફોર્મા નં.૧૨ ની અસલ |
| ૩ | ૧૮ | છેલ્લે ભરવા પાત્ર બીલ |
| ૪ | ૧૯ | પ્રતિવાદી પાસે બાકી પડતી રકમનું સ્ટેટમેન્ટ અસલ |
| ૫ | ૨૦ | ગ્રાહકની વીગત |
| ૬ | ૨૧ | ગ્રહક ને ફરી વીજ જોડાણ ચાલુ કરવા આપેલ નોટીસ |

(૪)... **આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.**

| સાહેદ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૬ | પ્રતિવાદી તરફે સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૧૮ રૂલ–૪ મુજબ પ્રતિવાદીની સોગંદ પરની જુબાની |

**–:: દસ્તાવેજી પુરાવો::–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૮ | પ્રતિવાદીને આપેલ નવો ગ્રાહક બીલ કનેકશન નં–૦૩૭૧૯/૦૦૭૦૧/૪ |
| ૨ | ૩૯ | બીલ ભર્યો ની પાવતી |

આ સિવાય વાદી તરફે અન્ય મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.તેમજ વાદી તરફે આંક–૩૫ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.પ્રતિવાદી દવારા આંક–૪૨ થી કલોવજીગ પુરસીસ આપેલ છે.

(૫)... ઉપરોકત દાવાના કામે આંક–૧૦ થી નીચે મુજબ મુદ્દાઓ મારા દ્વારા ઉપસ્થીત કરવામાં આવેલ છે.

**–:: મુદ્દા ::–**

| | |
|---|---|
| 1. | શું વાદી સાબિત કરે છે કે,પ્રતિવાદી વાદી વીજ કંપનીના ગ્રાહક છે અને તેઓનો વીજ પ્રતિવાદી નો વીજ મીટર નંબર–૦૩૭૧૯૦૦૬૩૧૦ છે? |
| 2. | શું વાદી સાબીત કરે છે કે,પ્રતિવાદીએ વાદીના વીજ બીલની રકમ ભરવાની બંધ કરેલ છે અને પ્રતિવાદીએ છેલ્લે તા ૩૧/૦૩/૨૦૨૧ ના વીજ બીલ ની રકમ રૂ ૧૦૦૦/– ભરેલ છે? |
| 3. | શુ પ્રતિવાદી સાબીત કરે છે કે,પ્રતિવાદીને વાદી તરફથી નવુ વીજ જોડાણ આપવામા આવેલ હતુ અને જેનો નવો ગ્રાહક નંબર–૦૩૭૧૯/૦૦૭૦૧/૪ છે? |
| 4. | શુ પ્રતિવાદી સાબીત કરે છે કે, પ્રતિવાદી ના જુના ગ્રાહક વીજ મીટર |

| | |
|---|---|
| | નંબર–૦૩૭૧૯૦૦૬૩૧૦ ની જુની શટ કાઢી દાવો સમય મર્યાદામા લાવવા વીજ કંપનીએ રૂ ૧૦૦૦/– પ્રતિવાદીના ખાતામા ભરેલા છે? |
| 5. | શુ વાદી સાબીત કરે છે કે તેઓનો દાવો સમય મર્યાદામા છે? |
| **6** | શું વાદી માંગ્યાં મુજબ ની દાદ મેળવવા હકકદાર છે? |
| **7** | શુ હુકમ અને હુકમનામુ |

(૬)... ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમા |
| ૨. | નકારમા |
| ૩. | હકારમા |
| ૪. | નકારમા |
| ૫. | નકારમા |
| ૬. | નકારમા |
| ૭. | આખરી હુકમ મુજબ |

(૭)... વાદી તથા પ્રતિવાદીના ના વકીલ શ્રી દવારા મૌખિક દલીલો કરવામા આવેલ છે જે નામદાર કોર્ટે દવારા ધ્યાન પુર્વેક સાંભળેલ છે.

(૮) **ઉપરના મુદાઓના આ કોર્ટે ના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.**

**:: કારણો ::**

(૯)... આ કામે વાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૨૨ થી આ કામના વાદી શૈલેષકુંમાર કાંતીલાલ નાચટા નાઓએ સરતપાસનું** સોગંદનામુ રજુ કરેલ છે.જેમાં દાવા અરજીની હકીકતને સમર્થનરૂપ પુરાવો રજુ કરેલ છે. આ કામે વાદીએ રજુ કરેલ આંક–૨૨ સોગંદ ઉપરના પુરાવાનું પ્રતિવાદી ઉલટ તપાસ કરવામાં આવતાં તેમા તેઓ સ્વીકારે છે કે**,એ વાત ખરી છે કે કોઈ પણ ગ્રાહકનો વીજ બીલ બાકી હોય તો વીજ કનેકશન કાપી લેવામા આવે છે.એ વાત ખરી છે કે કોઈ ચોરી નો કેસ હોય અને પૈસા ન ભરે તો તેનુ પણ મીટર કનેકશન કાપી લેવામા આવે છે.**

**સવાલ:– આ કામના પ્રતિવાદીનો વીજ કનેકશન ચાલુ છે અને જેનુ બીલ રેગ્યુલર ભરતા I આવે છે?**

જવાબ:– ઓફીસ રેકર્ડ જોઈને કહી શકાય.

સવાલ:– આવુ કોઈ ઓફીસ ઓર્ડર તમોએ રજુ રાખેલ છે?

જવાબ:– હા રેકર્ડ રજુ કરેલ છે.

એ વાત ની મને ખબર નથી કે આ કામના પ્રતિવાદીનો ગ્રાહક નંબર–૦૩૭૧૯/૦૦૭૦૧/૪ નવુ વીજ કનેકશન આપવામા આવેલ છે. એ વાત ની મને ખરબ નથી કે, પ્રતિવાદી સદર ગ્રહક નંબર ના વીજ બીલના નાણા ભરતા આવેલ છે.

સવાલ:– મને આંક–૧૮ વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે જેમા ફેબ્રુઆરી માર્ચે–૨૦૨૧ બીલ ઈન એપ્રિલ ૨૦૨૧ રૂ ૧૦૦૦/– પેમેન્ટ બતાવવેલ છે?

જવાબ:– એ વાત ખરી છે.

એ વાત ખરી છે કે ફેબ્રુઆરી– માર્ચે ૨૦૨૧ બીલ ઈન એપ્રિલ–૨૦૨૧ રૂ ૧૦૦૦/– પેમેન્ટ બતાવેલ તેની જે કોઈ રસીદ આ કામે રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, સદર રસીદ ગ્રાહકને આપવાની હોય છે અને ગ્રહકની લેઝર કોપી આંક–૧૯ મા ગ્રહકનો પેમેન્ટ ની ક્રેડીટ બતાવેલ છે જે તા ૩૧/૦૩/૨૦૨૧ મા બતાવેલ છે.

સવાલ:– આંક–૧૮ વાળે દસ્તાવેજ બતાવવામા આવે છે જેમા ફેબ્રુઆરી માર્ચે–૨૦૨૧ બીલ ઈન એપ્રિલ–૨૦૨૧ રૂ ૧૦૦૦/– પેમેન્ટ બતાવેલ તેની ઓફીસ રસીદ રજુ કરવા માંગો છો?

જવાબ:– જરૂર જણાય તો કરીશુ.

(૧૦) પ્રતિવાદી દવારા આંક– ૩૬ થી સોગદનામુ રજુ કરેલ છે તેમા તેઓએ આંક–૦૮ થી આપેલ જવાબના સમર્થન મા જુબાની આપેલ છે,ત્યારબાદ વાદી ના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે હુ દક્ષિણ ગુજરાત વીજ ક્રૂંપની મા ગ્રાહક નંબર–૦૩૭૧૯૦૦૬૩૧૦ થી વીજ કનેકશન ધરાવતા હતા. એ વાત ખરી છે કે સદર ગ્રાહક નંબર નો વીજ કનેકશન મા અમો વીજ ચોરી કરતા પકડાયેલ અને તે કનેકશન દક્ષિણ ગુજરાત વીજ કંપની દવારા કાપી નાખવામા આવેલ હતુ.એ વાત ખરી છે કે દક્ષિણ ગુજરાત વીજ કંપની દવારા

મને ચોરીનો બીલ આપવામા આવેલ અને તે ભરી દીધેલ. એ વાત ખરી છે કે ત્યારબાદ મને દક્ષિણ ગુજરાત વીજ કંપની તરફથી નવુ કનેકશન આપવામા આવેલ. એ વાત ખરી છે કે સદર બીલ ન ભરતા મારી સામે દાવો દાખલ થયેલ છે. ગીતાબેન મારા પત્ની થાય છે. મને આંક–૨૧ બતાવવામા આવે છે જેમા નોટીસ મને મળેલી તે છે સદર નોટીસની એકનોલેઝમેન્ટ બતાવવામા આવે છે જેમા મારી પત્ની ની સહી છે જે હુ ઓળખુ છુ.એ વાત ખરી છે કે સરતપાસ મા શુ લખેલ છે તેની મને ખબર નથી.

**–::પુરાવાનો પુથકરણ::–**

પુરાવો તથા સાબિતી આ બંને શબ્દો પ્રથમ દર્શને એકસરખો અર્થ ધરાવતા હોઈ તેમ જણાય. વાસ્તવમાં પુરાવાનો બોજો કોઈ પક્ષકાર પર હોતો નથી પરંતુ સાબીતીનો બોજો પક્ષકાર ઉપર હોય છે. સાબીતી એટલે કે,પુરાવાની અસર એમ કહી શકાય તેમજ સાબીતી એટલે પુરવાર થવુ તે એટલે કે,'.ચ્ફઅભર્મ' કોઈ હકીકત સાબીત થાય તેમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો હોય તેમજ કેટલાક અનુમાનોના કારણે કોઈ બાબત કે હકીકત સાબીત થાય. કેટલીક હકીકતોની ન્યાયીક નોંધ લેવામાં આવે છે. પક્ષકારોની સ્વીકૃતિ કે કબુલાતોના કારણે કેટલીક હકીકતો સાબીત થાય છે તેમજ સાબીતીમાં વાસ્તવિક પુરાવો આવે તથા અદાલતે કરેલ સ્થળ કે મીલકતનું નિરીક્ષણ કોઈ મીલકતની હકીકતની સાબીતીમાં મહત્વનો ભાગ ભજવે છે. આમ, સમગ્રપણે જોતાં સાબીતીમાં પુરાવા સિવાય પણ અમુક બાબત હોઈ શકે કે જે કારણે સાબીતી શબ્દ પુરાવા કરતાં વિશાળ અર્થ ધરાવે છે અને સાબીતી એટલે અદાલત કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ માને છે.

ફોજદારી કાર્યવાહી તથા દીવાની કાર્યવાહીમાં સાબીતીના બોજાની માત્રામાં તફાવત હોય છે. ફોજદારી કાર્યવાહીમા આરોપીએ જે ગુનો કર્યો છે તે હકીકત વ્યાજબી શંકાથી પર અને તેવી એક માત્ર સંભવિતતા એટલે કે, સંભવિતતાની અત્યંત ઉચી માત્ર તે શ્રેષ્ઠ સાબીતી ગણાય તથા ગુનો સાબીત કરવા માટે તે અપેક્ષા રાખવામાં આવે છે અને માત્ર સંભવિતતાના કારણે ગુનો પુરવાર કરવાનો બોજો ફોજદારી કાર્યવાહીમાં સામા પક્ષ ઉપર ખસતો નથી. જયારે દીવાની કાર્યવાહીમાં સંભવિતતા

પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે સાબીતીનો બોજો સામા પક્ષ ઉપર જાય છે અને તેવી પ્રસ્થાપિત થયેલી સંભવિતતાનું ખંડન કરવામા ન આવે તો તેના આધાર ઉપર નિર્ણય કરી શકાય છે. આમ,દીવાની કાર્યવાહીમા 'PRE PONDERANCE OF PROBABILITY" ના સિધ્ધાંત મુજબ સાબીતીનો બોજો રહેલ છે.

ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૧ જોવામાં આવે તો તેમાં સાબીતીનો બોજો કોના ઉપર છે તે અંગે જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ ''કોઈ પણ (વ્યકિત) ઈચ્છતી હોય કે, પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તેને તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબીત કરવુ પડે.

જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબીત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે ,તે વ્યકિત ઉપર સાબીતીનો બોજો છે. ''

**(૧૧) મુદા નં–૧ અને ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય હકીકતોનો પુનરાવૅન ટાળવા નીચે મુજબની ચર્ચા કરવામા આવેલ છે.**

સદર મુદાઓ પુરવાર કરવાની જવાબદારી વાદી ઉપર રાખવામા આવેલ છે.અહી નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી જણાતા હોય જે નીચે મુજબ છે.

***AGRICULTURE PRODUCE MARKET COMMITTEE V/S BHANDARI DHIRUBHAI 2008 (1) G.C.D.366***

***-Wherein it has been held that -" "Pleadings made by the party before the Court are required to be proved and substantiated by the party by producing and proving necessary evidence in support of such pleadings. Pleadings cannot take place of evidence. Pleadings are mere contentions raised by the party before the Court. Party is required to prove the same by leading proper evidence before the Court."***

(૧૧.૧) વાદી તેઓની ઉલટ તપાસ મા સ્વીકારે છે કે, **એ વાત ખરી છે કે કોઈ પણ ગ્રાહકનો વીજ બીલ બાકી હોય તો કનેકશન કાપી લેવામા આવે છે. એ વાત ખરી છે કે કોઈ ચોરીનો કેસ હોય અને પૈસા ન ભરે તો પણ તેનો મીટર કાપી લેવામા આવે છે.સવાલ:– આ કામના પ્રતિવાદીનો વીજ કનેકશન ચાલુ છે અને જેનુ બીલ ભરતા આવેલ છે? જવાબ:– ઓફીસ રેકર્ડ જોઈને કહી શકાય. એ વાત ની મને ખબર નથી કે, આ કામના**

**પ્રતિવાદીનો નવો ગ્રાહક નંબર –૦૩૭૧૯/૦૦૭૦૧/૪ નવુ વીજ કનેકશન આપવામા આવેલ છે.**

આમ વાદી નો પુરાવો ધ્યાને લેતા તેઓને પ્રતિવાદીએ નવો કનેકશન લીધેલ છે કે કેમ તે હકીકત ની ખબર નથી અને તેઓ રેકર્ડ જોઈને કહી શકે,પંરતુ વાદી દવારા આજદીન સુધી આવો કોઈ રેકર્ડ રજુ કરવામા આવેલ નથી. વધુમા હાલના પ્રતિવાદીની વાદીના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે,**એ વાત ખરી છે કે, હુ દક્ષિણ ગુજરાત વીજ કંપની મા ગ્રહક નંબર–૦૩૭૧૯૦૦૬૩૧૦ થી વીજ કનેકશન ધરાવતા હતા. એ વાત ખરી છે કે સદર ગ્રાહક નંબર નુ વીજ કનેકશનમા અમો વીજ ચોરી કરતા પકડાયેલ અને કનેકશન દક્ષિણ ગુજરાત વીજ કંપની દવારા કાપી નાખવામા આવેલ. એ વાત ખરી છે કે દક્ષિણ ગુજરાત વીજ કંપની દવારા મને ચોરીનો બીલ આપવામા આવેલ જે મે ભરી દીધેલ અને ત્યારબાદ મને દક્ષિણ ગુજરાત વીજ કંપની દવારા નવુ કનેકશન આપવામા આવેલ હતુ.**

આમ ઉપરોકત પુરાવો ધ્યાને લેતા એ ન જણાઈ આવે છે કે હાલના પ્રતિવાદી દવારા વીજ ચોરી કરતા પકડાઈ ગયેલ હોય વીજ કંપની દવારા તેઓનો વીજ કનેકશન કાપી નાખવામા આવેલ અને ત્યારબાદ તેઓને ચોરીનો બીલ આપવામા આવેલ અને બીલ ભર્યેથી તેઓને નવુ કનેકશન આપવામા આવેલ જેનુ બીલ પ્રતિવાદીએ રજુ કરેલ છે જેને આંક– ૩૮ આપેલ છે અને તેમા ગ્રાહક નંબર – ૦૩૭૧૯/૦૦૭૦૧/૪ છે.વધુમા સદર બીલ સામે વાદી દવારા આજદીન સુધી કોઈ વાંધા કે તકરાર ઉપાડેલ નથી. આથી મુદા નંબર–૧ નો જવાબ **"નકારમા"** અને મુદા નંબર–૩ નો જવાબ" **હકારમા"** આપવામા આવે છે.

(૧૨) **મુદા નંબર–૨,૪,અને ૬ ની હકીકતો એક સાથે સંકળાયેલ હોય હકીકતોનો પુનરાવર્તન ટાળવા એકી સાથે ચર્ચા કરવામા આવેલ**

વાદી દવારા આંક–૧૬ થી ૨૧ સુધી ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે પૈકી આંક–૧૬ થી રજુ થયેલ ડી.પી.સી. કેલ્કયુલેશન સીટ રજુ કરેલ છે , જે કોમપ્યુટર ઉપર તૈયાર કરવામા આવેલ હોવાનુ જણાય છે અને જે તૈયાર કરનાર કર્મચારીને આ

કામે તપાસેલ નથી અને તૈયાર કરનાર ઈસમ દવારા ડી.પી.સી.કેલકયુલેશન માટેની ટ્રેનીગ મેળવેલ હોય,તેવો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી  કે સદર બીલ અને કેલ્કયુલેશન સીટ બનાવેલ હોય તે અંગે ભારતીય સાક્ષ્ય અધિનિયમન–૨૦૨૩ ની કલમ–૬૪ મુજબ નુ કોઈ પ્રમાણપત્ર તેવા બીલ અને કેલકયુલેશન સીટ સાથે તેના સમર્થનમા રજુ રાખેલ નથી જેથી તેવુ બીલ અને કેલ્કયુલેશન સીટ પુરવાર થતો નથી તેવા પ્રતિવાદી તરફે થયેલ કથનો માનવા યોગ્ય જણાય છે, આમ વાદી દવારા આંક–૧૬ થી ૨૧ ના જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે કે જેમા  આંક–૧૬ થી ડી.પી.સી ની કેલ્કયુલેશન સીટ, આંક–૧૭ થી પ્રફોરમા નંબર–૧૨, આંક–૧૮ થી ફેબ્રઆરી–માર્ચ–૨૦૨૧ નો બીલ, આંક– ૧૯ થી સ્ટેટમેન્ટ, આંક–૨૦ થી પુરવણીબીલ ,આંક–૨૧  થી નોટીસ રજુ થયેલ છે અને તેને આંક પડેલ છે પરંતુ વાદી દવારા તેના કનટેન્ટ તથા તેમા રહેલ આંકડા વાદી દવારા પુરાવો રજુ કરી પુરવાર કરી શકેલ  નથી,તેવુ નામદાર કોર્ટનુ નમ્રપણે માનવાનુ છે. વધુમા વાદી તરફે રજુ થયેલ આંક–૧૬ થી ૨૧ સુધીના દસ્તાવેજો જે વાદી કંપનીના કર્મચારી ઓ દવારા તૈયાર કરેલ છે, તે દસ્તાવેજો માત્ર આંક પાડવાથી પુરવાર થતા હોવાનુ માની શકાય નહી,

વધુમા નામદાર ઉચ્ચ અદાલતે પોતાના ચુકાદા ***૧૯૯૮(૧) જી.એલ.એચ.પાન નં–૮૩૩ મા પ્રભાતભાઈ શંકરભાઈ પરમાર વિરૂધ્ધ મહીજીભાઈ નાનાભાઈ પરમાર*** ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તેમા જણાવેલ છે કે, પુરાવા અધિનિયમ ની કલમ–૩૬ અને ૮૩ મુજબ દસ્તાવેજો જે કર્મચારીઓ દવારા બનાવવામા આવેલ હોય, તે પુરવાર કરવા જોઈએ, માત્ર તે દસ્તાવેજોને આંક આપવાથી તેને પુરવાર તરીકે ગ્રાહય રાખી શકાય નહી અને હાલના કામે પણ વાદી તરફે જે સ્ટેટમેન્ટ, આકારણી બીલ,ચેકીંગ સીટ,રોજકામ વગેરે દસ્તાવેજો રજુ કરેલ છે , તેને આંકે પાડવામા આવેલ છે ,પરંતુ તે સ્ટેટમેન્ટ, આકારણી બીલો, પુરવણી બીલો, ડી.પી.સી. કેલ્કયુલેશન,રોજકામ પુરવાર કરતો માની શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી, જેથી દાવામા મહત્વના કહી શકાય તેવા સ્ટેટમેન્ટ, આકારણી બીલો, પુરવણી બીલો, ડી.પી.સી. કેલ્કયુલેશન,રોજકામ વગેરે ભારતીય સાક્ષ્ય અધિનિયમ –૨૦૨૩ મા કરવામા આવેલ જોગવાઈઓ મુજબ તેમજ રજુ થયેલ કોમ્પ્યુટરાઈઝ દસ્તાવેજો પુરવાર કરવા

માટે ભારતીય સાક્ષ્ય અધિનિયમ ની કલમ-૬૩ મુજબનુ કોઈ પ્રમાણપત્ર રજુ રાખેલ ના હોય, તથા સદર દસ્તાવેજો બનાવનાર સાહેદ ને તપાસેલ ન હોય, સદર દસ્તાવેજો પુરવાર કરવા વાદી પક્ષ નિષ્ફળ ગયેલ હોવાનુ મારુ માનવુ છે.

વધુમા નામદાર ઉચ્ચ અદાલત દવારા પોતાના ન્યાયી ચુકાદા ***૧૯૯૧(૧) જી.એલ.એચ. પાન નંબર-૨૮૮ નો લખન સાઉ વિરૂધ્ધ ધરમુ ચૌધરી.*** ના ચુકાદામા નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેવામા આવે તો તેમા નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે, ઈન્ડીયન એવીડન્સ એકટ ની કલમ-૧૦૧,૧૦૨ મુજબ સાબીતીનો બોજો વાદી ઉપર હોય ત્યારે પ્રતિવાદીએ પુરાવો આપવો નહી, અને જો પ્રતિવાદીએ પુરાવો આપેલ હોય તો તેને ધ્યાને નહી લેવા પ્રતિવાદી જણાવી શકે નહી.જયારે બંને પક્ષે પુરાવો આપેલ હોય ત્યારે કેસના અંતમા પુરાવાનો બોજાનો પ્રશ્ન કોઈ મોટો અગત્યનો નથી,કોર્ટે સમક્ષ રજુ થયેલ પુરાવા ઉપરથી કોર્ટે નિર્ણય કરવાનો રહે છે, તે ચુકાદા સાથે સંમત છે, જે મુજબ ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ ની કલમ-૧૦૪,૧૦૫ મુજબ દાવો પુરવાર કરવા પુરાવાનો બોજો વાદી ઉપર રહે છે અને વાદીએ પોતાનો દાવો સક્ષમ પુરાવાથી સાબીત કરવાનો રહે છે, આમ પ્રતિવાદી ગ્રાહક હોવા છતા કુલ કેટલા વોટસ ની વીજ ચોરી કરેલ છે તે વાદી દવારા રજુ થયેલ પુરાવાથી સાબીત થઈ શકેલ ન હોય,

(૧૨.૧) વધુમા વાદી તેઓની ઉલટ તપાસમા સ્વીકારે છે કે, **સવાલ:- મને આંક-૧૮ વાળુ દસ્તાવેજ બતાવવામા આવે છે જેમા ફેબ્રુઆરી માર્ચે-૨૦૨૧ બીલ ઈન એપ્રિલ ૨૦૨૧ રૂ ૧૦૦૦/- પેમેન્ટ બતાવેલ છે? જવાબ:- એ વાત ખરી છે. એ વાત ખરી છે કે, ફેબ્રુઆરી માર્ચે-૨૦૨૧ બીલ ઈન એપ્રિલ ૨૦૨૧ રૂ ૧૦૦૦/- પેમેન્ટ બતાવેલ તેની જે કોઈ રસીદ આ કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેરછાએ જણાવે છે કે, સદર રસીદ ગ્રાહક ને આપવાની હોય છે અને ગ્રાહક ની લેઝર કોપી આંક-૧૯ મા ગ્રાહકનુ પેમેન્ટ ની ક્રેડીટ બતાવેલ છે જે તા ૩૧/૦૩/૨૦૨૧ મા બતાવેલ છે. સવાલ:- આંક-૧૮ વાળુ દસ્તાવેજ બતાવવામા આવે છે જેમા ફેબ્રુઆરી માર્ચે-૨૦૨૧ બીલ ઈન એપ્રિલ ૨૦૨૧ રૂ ૧૦૦૦/- પેમેન્ટ બતાવેલ તેની ઓફીસ રસીદ રજુ કરવા માંગો છો? જવાબ:- જરૂર જણાય તો રજુ કરીશ.**

આમ સદર કામમા ફેબ્રુઆરી માર્ચે ૨૦૨૧ ના રૂ ૧૦૦૦/– ભરેલ ની પહોચ વાદી કે પ્રતિવાદી દવારા સદર કામમા રજુ કરેલ નથી આથી ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૧૪ ને ઘ્યાને લેતા જે નીચે મુજબ છે.

**Court may presume existence of certain facts**

Section 114 empowers the Court to **draw presumptions of fact** based on the ordinary course of human conduct, natural events, and public or private business.

***The Court may presume the existence of any fact which it thinks likely to have happened, regard being had to the common course of natural events, human conduct and public and private business, in their relation to the facts of the particular case."***

In a property dispute where the plaintiff claims ownership but **does not produce the original sale deed**, although it is available, the Court may draw an **adverse inference under Section 114(g)** that the document, if produced, would not support the plaintiff's case. This principle is especially relevant where ownership is in issue and only documents such as tax receipts are produced instead of the title deed.

આમ ઉપરોકત રજુ થયેલ મૌખિક પુરાવાને ઘ્યાને લેતા રૂ ૧૦૦૦/– ની રસીદ ની ઓફીસ કોપી વાદી જણાવુ છે કે જરૂર પડશેં તો તે રજુ કરી દેશે. પરંતુ વાદી દવારા એવી કોઈ રસીદ નામદાર કોર્ટ મા રજુ કરવામા આવેલ નથી. જયારે બીજી તરફ પ્રતિવાદી દવારા પણ તે અંગેનો કોઈ પુરાવો આપેલ નથી.આમ ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૧૪ (જી) ઘ્યાને લેતા સદર રસીદ વાદીઓએ રજુ કરેલ ન હોય તેઓના વિરૂઘ્ધ જાય છે. આથી મુદા નંબર–૨,૪ અને ૬ નો જવાબ "**નકરામા**" આપવામા આવે છે.

**<u>મુદા નંબર–૫ અને ૭ ની ચર્ચા નીચે મુજબ છે.</u>**

(૧૩) વાદી દવારા દલીલ કરતા જણાવેલ છે કે, હાલના પ્રતિવાદીએ ગત તા ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ રૂ ૧૦૦૦/– ની રકમ ભરેલ છે જેથી કાયદા મુજબ ત્રણ વર્ષે ના સમયગાળાની અંદર બાકી પડતી રકમ માટે દાવો કરવો પડે. તે માટે સમય મર્યાદાનો કાયદો ઘ્યાને લેતા જે નીચે મુજબ છે.

**Article 113 of the Limitation Act, 1963**

**Text of Article 113:**

| **Description of Suit** | **Period of Limitation** | **Time from which period begins to run** |
|---|---|---|
| Any suit for which no period of limitation is provided elsewhere in this Schedule | **Three years** | **When the right to sue accrues** |

**Acknowledgment or part-payment**

A valid written acknowledgment under **Section 18** of the Limitation Act or part-payment under **Section 19** before expiry of limitation can extend the limitation period.

**લિમીટેશન એકટ ૧૯૬૩ ની કમલ–(આટીકલ–૧૧૩) મુજબ સામાન્ય મર્યોદાનો સમયગાળો ત્રણ(૩) વર્ષ નો હોય છે.જ્યાં સુધી દાવા માટે લીમીટેશન એકટ ની જોગવાઈ લાગુ પડતી ન હોય અથવા જવાબદારીની લેખિક કબુલાત અથવા ભાગ ચુકવણી દવારા મર્યોદાનો સમયગાળો કાયદેસર રીતે લંબાયો ન હોય. સામાન્ય રીતે સમય મર્યોદા નો સમયગાળે તે તારીખ થી શરૂ થાય છે જયારે દાવો કરવાનો અધિકાર ઉભો થાય છે. એટલે કે જે તારીખે સંબધિત રકમ વસુલ માટે બાકી અને ચુકવવાપાત્ર બને છે.**

આમ સદર કામમા વાદી દવારા જણાવે છે કે, હાલના પ્રતિવાદી નાઓએ ગત તા ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ રૂ ૧૦૦૦/– ભરેલ અને ત્યારથી દાવાનુ કારણ ઉભો થાય છે જયારે પ્રતિવાદી દવારા વાંધા લેતા જણાવેલ છે કે, તેઓએ ગત તા ૩૧/૩/૨૦૨૧ ના રોજ કોઈ રૂ ૧૦૦૦/– ભરેલ નથી, વાદી દવારા દાવાને સમય મર્યોદામા લાવવા માટે આંક–૧૮ થી રજુ થયેલ એન્ટ્રી કરવામા આવેલ છે. આથી સદર રૂ ૧૦૦૦/– ભરેલ છે કે કેમ તે હકીકત તકરારી બની ગયેલ છે અને તે પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે છે. તે માટે નામદાર કોર્ટે દવારા નામદાર ઉચ્ચ અદાલત દવારા પોતાના ન્યાયી

ચુકાદા ***૧૯૯૧(૧) જી.એલ.એચ. પાન નંબર–૨૮૮ નો લખન સાઉ વિરૂધ્ધ ઘરમુ ચૌધરી.*** ના ચુકાદામા નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેવામા આવે તો તેમા નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે, ઈન્ડીયન એવીડન્સ એકટ ની કલમ–૧૦૧, ૧૦૨ મુજબ સાબીતીનો બોજો વાદી ઉપર હોય ત્યારે પ્રતિવાદીએ પુરાવો આપવો નહી, અને જો પ્રતિવાદીએ પુરાવો આપેલ હોય તો તેને ધ્યાને નહી લેવા પ્રતિવાદી જણાવી શકે નહી.જયારે બંને પક્ષે પુરાવો આપેલ હોય ત્યારે કેસના અંતમા પુરાવાનો બોજાનો પ્રશ્ન કોઈ મોટો અગત્યનો નથી,કોર્ટ સમક્ષ રજુ થયેલ પુરાવા ઉપરથી કોર્ટે નિર્ણય કરવાનો રહે છે, તે ચુકાદા સાથે સંમત છે, જે મુજબ ભારતીય સાક્ષ્ય અધિનિયમ–૨૦૨૩ ની કલમ–૧૦૪,૧૦૫ મુજબ દાવો પુરવાર કરવા પુરાવાનો બોજો વાદી ઉપર રહે છે અને વાદીએ પોતાનો દાવો સક્ષમ પુરાવાથી સાબીત કરવાનો રહે છે. પરંતુ વાદી દવારા રૂ ૧૦૦૦/– ભરેલ હોય તે અંગેનો કોઈ રસીદ નામદાર કોર્ટમા રજુ કરેલ નથી.વધુમા આંક–૧૮ નો જે દસ્તાવેજ રજુ કરેલ છે તે પણ વાદી દવારા પુરવાર કરવામા આવેલ નથી, આમ પ્રતિવાદી દવારા ગત તા ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ રૂ ૧૦૦૦/– ભરેલ છે તે વાદી પુરવાર કરી શકેલ નથી. આથી મુદા નંબર–૫ નો જવાબ નકારમા આપી મુદા નંબર–૭ નો “**આખરી હુકમ” મુજબ** આપવામા આવે છે.

**:: આખરી હુકમ ::**

**(૧) વાદીનો હાલનો દાવો નામંજુર કરવામા આવે છે.**

**(૨) દાવાનુ ખર્ચ જે તે પક્ષકારોએ ભોગવવા હુકમ કરવામા આવે છે.**

**(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.**

**હુકમ આજ રોજ તા ૦૨ મી માહે, જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત મા વાંચી,સંભળાવી જાહેર કર્યો**

| | |
|---|---|
| સ્થળ: વાલીયા.<br>તા.૦૨/૦૭ /૨૦૨૬ | (આદીલનવાજ.મોં.શફી સોની)<br>પ્રિન્સીપાલ સિવીલ જજ ,<br>અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ.<br>વાલીયા.જી.ભરૂચ.<br>યુનિક જજ કોડ–જીજે૦૧૬૩૬ |